Lancashire Early years

# તમારા 2, 3 અથવા 4 વર્ષના બાળકોને રમવા, શીખવામાં અને વિકાસ કરવામાં મદદ કરવા માટે સ્થાનિક નર્સરીઓ અને આયા (ચાઇલ્ડમાઇન્ડર્સ) માં ભંડોળ પૂરું પાડવામાં આવેલ જગ્યાઓ.

આપણે બધા ઇચ્છીએ છીએ કે આપણા બાળકો મોટા થઈને સ્વસ્થ, સુખી અને તેમની આસપાસની દુનિયા સાથે સારી રીતે સમાયોજિત થાય અને તમારી પરિસ્થિતિ ભલે ગમે તે હોય, આ આધુનિક દુનિયામાં કૌટુંબિક જીવનને સંતુલિત કરવું અઘરું હોઈ શકે છે! બાળકો બહુ ઝડપથી મોટાં થઈ જાય છે પરંતુ તમે તેમને સરકાર દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવતા, અઠવાડિયામાં થોડા કલાકો માટે સ્થાનિક નર્સરીમાં અથવા આયા (ચાઇલ્ડમાઇન્ડર) પાસે લઈ જઈને તેમના જીવનની એક શાનદાર શરૂઆત કરાવી શકો છો.







### જો તમારે 3 કે 2 વર્ષનું બાળક હોય, તો શું તમને ખબર છે...

લૅન્કેશાયરમાં તમામ 3 અને 4 વર્ષના બાળકો સરકાર દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવતા દર અઠવાડિયે 15 કલાક (વર્ષે 570 કલાક) સુધી માટેના હકદાર છે અને મોટાભાગના કામ કરતા પરિવારો માટે આ વધીને દર અઠવાડિયે 30 કલાક (વર્ષે 1,140 કલાક) થઈ શકે છે.
વધુ માહિતી માટે lancashire.gov.uk/childcare પર જાઓ.

**ચૂકતા નહીં,
તમારું બાળક હકદાર છે!**

: 7246

Lancashire County Council

lancashire.gov.uk/childcare

## જો તમારે 2 વર્ષનું કોઈ બાળક હોય, તો શું તમને ખબર છે...

સરકાર 2 વર્ષના કેટલાક બાળકો માટે દર અઠવાડિયે 15 કલાક સુધીનું ભંડોળ પણ પૂરું પાડે છે. આ તમારી ઘરગથ્થુ આવક પર અથવા જો તમને અમુક લાભ મળવાના હોય તો તેના પર આધાર રાખે છે. વધુ માહિતી માટે અમારી વેબસાઇટની મુલાકાત લો.

## તમારા 2 વર્ષના બાળકના પ્રારંભિક ભણતરનું રોમાંચ ચૂકશો નહીં!

આજે તમારું બાળક હકદાર છે કે કેમ તે જોવા માટે અમારા પાત્રતા તપાસનાર પર જાઓ!




## શા માટે નર્સરીમાં અથવા આયા (ચાઇલ્ડમાઇન્ડર) પાસે તમારા બાળની જગ્યા હોવી સારી છે...

- મનોરંજક સત્રોમાં હાજર રહેવાથી તમારા બાળકને રમત દ્વારા શીખવામાં અને વિકાસ કરવામાં મદદ મળે છે.
- તમારું બાળક નવા મિત્રો બનાવશે અને તેમનો આત્મવિશ્વાસ વધારશે.
- તે તમારા બાળકની બોલવાની અને સાંભળવાની કુશળતાને વધુ સારી બનાવવામાં મદદ કરે છે.
- તે તમારા બાળકને શાળા શરૂ કરવા માટે તૈયાર થવામાં મદદ કરે છે.

## નિશ્ચિંત રહો...

- Ofsted (ઑફસ્ટેડ) દ્વારા નિયંત્રિત સલામત, સુરક્ષિત વાતાવરણમાં તમારા બાળકની સંભાળ રાખવામાં આવશે.
- અમારી તમામ નર્સરીઓ અને આયા (ચાઇલ્ડમાઇન્ડર્સ) સંપૂર્ણ સમાવેશી છે અને સાંસ્કૃતિક, આહાર, ધાર્મિક અને વિશેષ અથવા શૈક્ષણિક જરૂરિયાતોની શ્રેણીની વ્યવસ્થા કરે છે.

## યોગ્ય નર્સરી અથવા આયા (ચાઇલ્ડમાઇન્ડર) શોધવી.

તમે અમારી વેબસાઇટ પર 'બાળ સંભાળ માટે શોધો' વિભાગમાં જગ્યાઓ પ્રદાન કરતી સ્થાનિક નર્સરીઓ અને આયા (ચાઇલ્ડમાઇન્ડર્સ)ની સૂચિ શોધી શકો છો. તમારા કુટુંબની જરૂરિયાતોને શ્રેષ્ઠ અનુરૂપ કયો પ્રકાર છે તે પસંદ કરવામાં તમારી મદદ કરવા માટે સહાયક માર્ગદર્શિકાઓની શ્રેણી પણ છે.

## જો તમને સરકારી ભંડોળ કરતાં વધુ કલાકોની જરૂર હોય...

જો તમે તમારા બાળકના કલાકો વધારવા માંગતા હોવ અથવા હાલમાં વધારાના કલાકો માટે ચૂકવણી કરી રહ્યાં હો તો તમે સરકાર તરફથી કરમુક્ત બાળ સંભાળ અથવા યુનિવર્સલ ક્રેડિટ દ્વારા વધુ નાણાકીય સહાય મેળવવા માટે હકદાર હોઈ શકો છો.

## અમે અહીં મદદ કરવા માટે છીએ

કૌટુંબિક માહિતી સેવા તમારા બાળકની પ્રારંભિક ભણતરની મુસાફરીની શરૂઆતથી જ તેઓ શાળા જવાનું શરૂ કરે ત્યાં સુધી તમને મદદ કરવા માટે અહીં છે. તેથી, તમને ભલે ગમે તે પ્રશ્નો અથવા ચિંતાઓ હોય, અમને તમારી મદદ કરવામાં ખુશી થશે. તમે આ નંબર પર કૉલ કરીને અમારો સંપર્ક કરી શકો છો: 0300 123 6712 અથવા અમને આના પર ઇમેઇલ કરીને: fis@lancashire.gov.uk

નર્સરીમાં અથવા આયા (ચાઇલ્ડમાઇન્ડર) સાથે જગ્યા મેળવવા વિશે વધુ વિગતવાર માહિતી માટે કૃપા કરીને માતાપિતા માટે અમારી સહાયક માર્ગદર્શિકા જુઓ.

**lancashire.gov.uk/childcare**

